દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શુક્રવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૪

ભારતે વૈજ્ઞાનિક સંશોધનો માટે વધુ ભંડોળો ફાળવવાની જરૂર છે

ભારતે છેલ્લા કેટલાક દાયકાઓમાં અનેક વૈજ્ઞાનિક સિદ્ધીઓ હાંસલ કરી છે અને તેમાં પણ અવકાશ ક્ષેત્રે તો તેણે ગજબની હરણફાળ ભરી છે. ગયા વર્ષે ભારતે ચંદ્ર પર પોતાનું યાન તો સફળતાપૂર્વક ઉતાર્યું જ, પરંતુ ચંદ્રના દક્ષિણ ધ્રુવની ધરતી પર યાનનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવનાર તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો. ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઇસરો એ આજે તો વિશ્વની ટોચની અવકાશ સંસ્થાઓમાંની એક બની ગઇ છે જે વ્યાપારી ધોરણે પણ અનેક દેશોના ઉપગ્રહો અવકાશમાં ચડાવી આપે છે. તબીબી ક્ષેત્ર હોય કે કૃષિ ક્ષેત્ર હોય ભારતે અનેક વૈજ્ઞાનિક સિદ્ધીઓ હાંસલ કરી છે અને એ સિદ્ધીઓની પાછળ સ્વતંત્રતા પછી દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત નેહરૂએ દૂરંદેશી અપનાવીને શરૂઆતથી જ વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને આપેલું પ્રોત્સાહન જવાબદાર છે. ત્યારબાદની એકપછી એક સરકારોએ વિજ્ઞાનને મહત્વ આપવાનું ચાલુ રાખ્યું અને આજે ભારત ઘણી ગૌરવશાળી સ્થિતિમાં આવી પહોંચ્યું છે. જો કે આમ છતાં હજી વૈજ્ઞાનિક સંશોધનો માટે તેણે સંસાધનો અને સ્ત્રોતો વધારવાની જરૂર છે. વિશ્વના એક અગ્રણી વિજ્ઞાન મેગેઝીને પણ આ મુજબનો મત ઉચ્ચર્યો છે. વિજ્ઞાન જર્નલ 'નેચર' દ્વારા કહેવામાં આવ્યું છે કે ભારત આર્થિક સત્તા બનવાની સાથે એક વિજ્ઞાન પાવરહાઉસ બનવાની દિશામાં આગામી પગલું માંડવા માટે તૈયાર કરતા પણ વધુ સજ્જ છે. આ વિજ્ઞાન સામયિકે દેશના સંશોધન અને વિકાસ પાછળના ખર્ચમાં, ખાસ કરીને ખાનગી સેકટરમાં વધારો કરવા માટે હાકલ કરી હતી.

આ પ્રતિષ્ઠિત બ્રિટિશ સાપ્તાહિકે ભારત કઇ રીતે એક સાયન્સ પાવરહાઉસ બની શકે છે એ મથાળા વાળા તેના તંત્રીલેખમાં એ દર્શાવવા સંશોધકોને ટાંક્યા હતા કે પાયાના સંશોધનોની એકપછી સરકારોએ ઉપેક્ષા કરી હતી અને એક વિકસતી સંશોધન સિસ્ટમને વધુ સ્વાયત્તતાની જરૂર છે. એક આર્થિક સત્તા બનવાની સાથે ભારત એક સાયન્સ પાવરહાઉસ બનવાની દિશામાં આગામી પગલું ભરવા માટે તૈયાર કરતા પણ વધુની સ્થિતિમાં છે. આ હજી બન્યું નથી પણ તે બની શકે છે એ મુજબ તેણે કહ્યું હતું. આ સામયિકની વાત સાચી છે. ભારત અનેક વૈજ્ઞાનિક સિધ્ધીઓ હાંસલ કરવા છતાં હજી પણ સાયન્સ પાવરહાઉસ કહી શકાય તે સ્થિતિમાં પહોંચ્યું નથી. તે માટે હજી તેણે કેટલાક પ્રયાસો કરવાની જરૂર છે. નેચર જર્નલના તંત્રીલેખમાં કઇ રીતે ભંડોળોની ખાઇ પુરવી તે બાબતે ચર્ચા કરવામાં આવી છે. ભારતની સરકાર એક બાબત કરી શકે છે અને તે એ કે તે ધંધા-ઉદ્યોગોને વધુ ફાળો આપવા માટે પ્રોત્સાહિત કરીને વિજ્ઞાન પાછળના ખર્ચને ઉત્તેજન આપી શકે છે, જેવું કે અન્ય અગ્રણી અર્થતંત્રોની બાબતમાં બન્યું છે. જો નીતિ ઘડવૈયાઓ અને ઉદ્યોગપતિઓ આ યોગ્ય રીતે કરી શકે તો દેશની પ્રભાવશાળી વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને રોકેટ ગતિ આપવાની તક છે એ મુજબ આ જર્નલે કહ્યું હતું.

નેચર જનરલે ભારતે મેળવેલી હાલની કેટલીક નોંધપાત્ર વૈજ્ઞાનિક સિદ્ધીઓની પણ ચર્ચા કરી છે. તંત્રીલેખમાં નોંધવામાં આવ્યું છે કે ૨૦૨૧-૨૨માં સરકારી આંકડાઓ મુજબ ભારત વોલ્યુમની દષ્ટિએ વિશ્વનો ત્રીજા ક્રમનો સૌથી મોટો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ધરાવતો હતો અને તે વાજબી ભાવની દવાઓ અને જેનેરીક દવાઓનો અગ્રણી સપ્લાયર દેશ હતો, જેમાંની કેટલીક તો વિશ્વવ્યાપી કોવિડ-૧૯ રોગચાળા સામે લડવા માટે મહત્વની હતી. ગયા વર્ષે ભારત ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગની સિધ્ધી હાંસલ કરનાર વિશ્વનો ચોથા ક્રમનો અને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક લેન્ડિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો. તેણે વધુમાં કહ્યું કે ભારત રિમોટ સેન્સિંગ સેટેલાઇટોનું વિશ્વનું સૌથી મોટું ઝુમખું અવકાશમાં ધરાવે છે. હવે વિચારો કે આ સિદ્ધીઓ એક એવા દેશ દ્વારા હાંસલ કરવામાં આવી છે જેણે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન સંશોધન અને વિકાસ પાછળ તેની કુલ ઘરેલુ પેદાશ(જીડીપી)ના માત્ર ૦.૬૪ ટકા ખર્ચ્યા હતા એમ આ લેખમાં કહેવાની સાથે એમ કહેવામાં આવ્યું હતું કે હાલ ચાલી રહેલી ચૂંટણીમાં કોઇ પણ સરકાર આવે, તેણે એ વિચારવું જ જોઇએ કે કઇ રીતે સંશોધન અને વિકાસ પાછળ દેશનો ખર્ચ વધારી શકાય અને સાથો સાથ વધુ નાણાથી શું હાંસલ કરી શકાય એમ તેણે કહ્યું છે અને આ સાચું જ છે. ભારતે ખાનગી-સરકારી ભાગીદારીને વધુ વેગ આપીને વૈજ્ઞાનિક સંશોધનો પાછળના ખર્ચનું પ્રમાણ વધારવાની જરૂર છે.

પરેશાનીનાં મૂળ કારણો

એક યુવાન દંપતી રોમલ અને રિયા બંને ભણેલાં હતાં. લગ્ન કર્યાં.બંને કામ કરતાં અને ધીમેધીમે જીવનમાં આગળ આવી રહ્યાં હતાં.નાનકડું બે બેડરૂમનું સરસ ઘર હતું. એક ગાડી અને એક સ્કુટર હતું.જીવનમાં આમ તો કંઇ ખૂટતું ના હતું, પણ ખૂટતો હતો મનનો સંતોષ અને એટલે તેઓ જે કમાઇ રહ્યાં હતાં, જે વસાવી રહ્યાં હતાં તે ઓછું લાગી રહ્યું હતું અને હજી વધુ મેળવવા શું કરવું તે બાબતે સતત પરેશાન રહેતાં અને તેમની આ પરેશાની વધુ ને વધુ મેળવવાની ભાગદોડ તેમને એકબીજાથી અને અન્ય સ્વજનોથી દૂર કરી રહી હતી તે તેમને સમજાતું ન હતું. બંને જણ હંમેશા ઉચાટમાં,ભાગદોડમાં ભવિષ્યને વધુ સુંદર અને સુરક્ષિત બનાવવામાં આજને બગાડી રહ્યાં હતાં.એક વખત રિયાનાં મમ્મી ઘરે આવ્યાં.જોયું તો ઘર અવ્યવસ્થિત અને નોકરના ભરોસે હતું કારણ રિયા વધુ પ્રમોશન મેળવવા નોકરીની સાથે સાથે રાતના ઉજાગરા કરી આગળ ભણી રહી હતી અને રોમલ તો હમણાં જ પ્રમોશન મળ્યું હોવાથી બહુ જ કામમાં હતો. રિયાનાં મમ્મીએ નોકરને બધું કહીને પોતે ઘર સરખું કર્યું.સાંજનું સરસ જમવાનું બનાવ્યું અને રોમલ અને રિયાને ખાસ જલ્દી ઘરે આવવા એક નહિ, દસ ફોન કર્યા ત્યારે બંને ભાગીને ઘરે આવ્યાં.મમ્મીએ કહ્યું, 'તમે બંને ભૂલી ગયાં છો કે આજે તમારી એન્ગેજમેન્ટ એનીવર્સરી છે.' રોમલ અને રિયા એકબીજા સામે જોઇ રહ્યાં કે પહેલાં તો કેવી નાની નાની ખુશી પણ તેઓ યાદ કરી ઉજવતાં હતાં. રિયાની મમ્મી બોલ્યાં, 'ફ્રેશ થઇ જમી લો. પછી તમારું ફેવરીટ ફાલુદા પણ બનાવ્યું છે.' જમી લીધા બાદ ફાલુદા પીતાં પીતાં રિયાનાં

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

મમ્મીએ વાત શરૂ કરી, 'રોમલ અને રિયા, મારા અનુભવથી કહું છું કે તમે બંને જીવન જીવવાનું જ ભૂલી ગયાં છો.ઘર કેવું પડ્યું છે ...તમારી બન્નેની તબિયત કેવી થઇ ગઇ છે ..એકમેક માટે જ સમય નથી ત્યાં બીજા સંબંધો શું નિભાવશો.' રિયા ગુસ્સે થઇ ગઇ અને બોલી, 'મમ્મી, તને શું ખબર પડે અમને કેટલી પરેશાની છે.કેટલી જગ્યાએ દોડવાનું હોય છે.તેમાં ઘર અને સંબંધો ક્યાં સંભાળીએ.' મમ્મીએ કહ્યું, 'બેટા, ગુસ્સે ન થા.તમે પરેશાનીઓ હાથે કરી ઊભી કરી છે.તમારી બધી જ પરેશાનીઓનાં બે મૂળ કારણ છે. તમને જે છે તેના કરતાં વધુ જોઇએ છે અને ધીમે ધીમે નહિ, બધું જ હમણાં ને હમણાં જ સમયથી પહેલાં જોઇએ છે.' રોમલ બોલ્યો, 'પણ મમ્મી વધુ આગળ વધવાનાં સપનાં જોવામાં ખોટું શું છે? અને સપનાં પૂરાં કરવાં હોય તો બધું ભૂલીને મહેનત પણ કરવી પડે.' રિયાનાં મમ્મીએ કહ્યું, 'હું પોતે ઈચ્છું છું કે તમે બહુ મહેનત કરો અને બહુ આગળ વધો..પણ જરા તમારી આજુબાજુ નજર કરો, જે મહેનત કરી તમે અત્યાર સુધી વસાવ્યું છે તે શું તમે જાળવી શકો છો ..માણી શકો છો ..સુંદર રીતે ખુશી જીવન જીવવા જરૂરી ઘણું બધું તમારી પાસે છે તે સમજો. તેને માણો અને જીવન જીવો...અસંતોષી બની દોડતાં રહેશો તો જીવન માણવાનું રહી જશે અને દોડ પૂરી થશે જ નહિ.' રોમલ અને રિયાની આંખો ખૂલી. તેમણે ચાર દિવસની રજા મૂકી જીવનના નવા પ્લાનિંગ માટે વેકેશન પર જવાનું નક્કી કર્યું.

સત્ય-અસત્યને પાર અઢારમી લોકસભા ચૂંટણી સમયે

નેહા શાહ

આજના પોસ્ટ-ટ્રુથ યુગમાં સાચી અને ખોટી માહિતી વચ્ચે ભેદ કરવો અઘરો થઈ ગયો છે. આજે જ્યારે વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારતની અઢારમી સંસદીય ચૂંટણીની વચ્ચે આપણે ઊભા છીએ ત્યારે રાજકીય પક્ષો તેમજ મતદાતા બંનેના વલણ પરથી દેખાઈ રહ્યું છે કે નિર્ણય તથ્યના આધારે નહીં, પણ ભાવનાઓમાં તણાઇ માન્યતાને આધારે લેવાઇ રહ્યા છે. સત્ય-અસત્યને પાર જ્યારે લોકો મતદાન કરવા જશે ત્યારે નાગરિક જોગ કેટલાક મુદ્દા અંગે વિચાર કરવો ઘટે.

હજુ થોડાં વર્ષો પહેલાં જ અન્ના હજારેના કોલે આખો દેશ ભ્રષ્ટાચાર વિરુધ્ધ ભેગો થઈ ગયો હતો. સૌ ને લાગ્યું હતું કે ભ્રષ્ટાચારનો ભોરિંગ દેશની વ્યવસ્થામાં ઝેર ફેલાવી રહ્યો છે. જેને ફેલાતું રોકવું એ નાગરિક કર્તવ્ય જણાયું હતું. દિલ્હીના જંતર-મંતર પર હજારો લોકો અન્ના સાથે ઉપવાસમાં જોડાયા, સ્થળ પર જઈને ટેકો કર્યો, સહી કરી, કે પછી મિસ કોલ કરી પોતાનો સાથ નોંધાવ્યો. બારેક વર્ષ પહેલાં જે ભ્રષ્ટાચારનો મુદ્દો દેશનાં નાગરિકોની સામુહિક ચેતના જગાવી શક્યો હતો અને સત્તા પરિવર્તન માટે નિમિત્ત બની શક્યો હતો એ આજે ફિક્કો પડી ગયો છે. આજે ઈલેક્ટોરલ બોન્ડ જેવા મોટા ભ્રષ્ટાચારને પણ અવગણવા લોકો તૈયાર છે. કોર્પોરેટ અને રાજકારણીઓ વચ્ચેની સાંઠગાંઠમાં વાંધાજનક કશું લાગતું નથી. ભ્રષ્ટ નેતાઓને ભાજપના વોશિંગ મશીનમાં ધોવાની નીતિ સામે આંખ આડા કાન કરીએ છીએ ત્યારે સવાલ થાય કે બાર વર્ષ પહેલાં જેને ભ્રષ્ટાચાર જ નડેલો એ નાગરિક ગણ આપણે જ ને? કે ભ્રષ્ટાચાર માટે ક્યારે સંવેદનશીલ બનવું અને ક્યારે નહીં એ પસંદગીનો વિષય છે? સુરતમાં ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ જે નાટકીય રીતે બિનહરીફ જાહેર થયા એ પાછળ ભ્રષ્ટાચારનો જે ભોરિંગ સૌએ જોયો એ વાંધાજનક ખરું કે નહીં? ઘટનાની સ્ક્રીપ્ટ લખનારા અને ભજવનારા બંને પક્ષ સુરતવાસીઓના ગુનેગાર ગણાય કે નહીં? અત્યાર સુધી હોર્સ ટ્રેડિંગ ચૂંટણીનાં પરિણામ આવે ત્યાર પછી થતું હતું. હવે, તો ઉમેદવારી નોંધાવતી વખતે જ શરૂ થઈ ગયું! ચૂંટણીને આઝાદીનું પર્વ કહેવામાં આવે છે કારણકે મતદાન સશક્તિકરણની પ્રક્રિયા છે. મત આપતી વખતે લોકશાહી એટલે 'લોકો વડે ચાલતું' શાસનની ભાવનાનો એક માત્ર અહેસાસ થાય છે.

> **અઢારમી સંસદીય ચૂંટણીની વચ્ચે આપણે ઊભા છીએ ત્યારે રાજકીય પક્ષો તેમજ મતદાતા બંનેના વલણ પરથી દેખાઈ રહ્યું છે કે નિર્ણય તથ્યના આધારે નહીં, પણ ભાવનાઓમાં તણાઈ માન્યતાને આધારે લેવાઈ રહ્યા છે**

સુરતનાં નાગરિકોનો તો એ હક્ક જ છીનવાઇ ગયો! સુરત જેવા મતક્ષેત્રમાં પરિણામ લગભગ નિશ્ચિત હતું ત્યાં આવા કારસાની શું જરૂર પડી હશે એ પ્રશ્ન વિચાર માંગી લે છે. ચૂંટણી પરિણામનું મહત્ત્વ માત્ર હાર કે જીત પૂરતું મર્યાદિત નથી હોતું. જીત થઈ તો કેટલી સરસાઈથી થઈ અને કેટલા ટકા મત જીતનારની તરફેણમાં ગયા એ પરિણામ પણ સમાજનો રાજકીય મૂડ બતાવે છે, જે જાણવો કોઈ પણ નેતા માટે જરૂરી છે.

ચૂંટણી સત્ય-અસત્યથી પર થઈ ચૂકી છે એનું બીજું ઉદાહરણ જોવા મળ્યું પ્રધાન મંત્રીના બાંસવાડા ખાતેના ભાષણમાં. પહેલા તબક્કાના મતદાનની તરાહ જોયા પછી ચૂંટણીના મુદ્દામાં કોમવાદ ફરી વાર કેન્દ્ર સ્થાને આવી ગયો અને તે પણ જૂઠના આધારે! આચારસંહિતાનો સરેઆમ છેદ ઉડાડી પ્રધાનમંત્રીએ મુસ્લિમ તુષ્ટિકરણની સાચી ખોટી વાતો કરી સભા ગજાવી. વિચારવાનું નાગરિકોએ છે કે જો ભૂતપૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંઘ 2006માં એવું બોલ્યા હોય કે દેશની સંપત્તિ પર પહેલો હક મુસલમાનોનો છે તો અઢાર વર્ષ સુધી મુદ્દો બન્યા વગર કેવી રીતે રહ્યો? જો એ સાચે જ એવું બોલ્યા હોત તો ભાજપે જ એ વાત ચગાવી હોત. પણ, આટલાં વર્ષો પછી આ વાત આવી કારણ કે નેતાઓ જાણે છે કે કોઈ સામાન્ય મતદાતાના મનમાં પ્રશ્ન થવાનો નથી અને તે વાતની ખરાઈ કરવા જવાનો નથી! મતદાતાઓને કોમવાદી બીકમાં ઉલઝાવી રાખવાની યુક્તિ હમેશાં કામ કરે છે અને લોકો રોજિંદા જીવનમાં નડતા પ્રશ્નો છોડી કાલ્પનિક ભયને મહત્ત્વ આપે છે.

સામાન્ય માણસને રોજે રોજ નડતાં રોજગારી અને મોંઘવારી જેવા મુદ્દાઓ પર એક સમયે સત્તા બદલાતી હતી. આજે આસમાને અડી રહેલા શાકભાજીના ભાવ નડી તો રહ્યા છે, પણ એ હવે ચૂંટણી મુદ્દો નથી રહ્યો. ઘરમાં યુવાનો બેરોજગાર છે અથવા ઓછા પગારે નોકરી અને કોઈ સુરક્ષા વિનાની નોકરી કરી રહ્યા છે. આશરે સાડા નવ લાખ જેટલી તો સરકારી નોકરીમાં જ જગ્યા ખાલી છે પણ, એનો હલ નીતિ ઘડનારા પાસે નથી માંગી રહ્યા! આબોહવાના પરિવર્તનને કારણે જળ-વાયુની સમસ્યા સતત નડે છે પણ એમાં સરકાર શું કરશે એવું આપણને લાગે છે! મહિલાઓ વિરુધ્ધ થતી હિંસાના આંકડા વધી રહ્યા છે, પણ કહેવાતા 'લવ જિહાદ'ના કિસ્સા જ આપણી ચેતનાને ઢંઢોળે છે.

મત આપવા તૈયાર સૌને યાદ દેવડાવવાનું મન થાય છે કે લોકશાહી એટલે માત્ર લોકોની અને લોકો માટેની જ નહીં પણ લોકો દ્વારા ચાલતી રાજ્યવ્યવસ્થા. આ એટલા માટે કે આપણને, એટલે કે સૌને યાદ રહે કે આપણે શાસકોને તાબે થઈ જતી પ્રજા માત્ર નથી, પણ રાજકારણમાં સીધી અને આડકતરી રીતે ભાગીદાર બનતાં નાગરિક છીએ. વિચારીને આપેલા આપણા મતનું દેશની પ્રગતિની દિશા નક્કી કરવામાં મહત્ત્વ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આવનારી લોકસભાની ચૂંટણીઓનું અત્યારે ચિત્ર કેવું લાગે છે?

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

સુરતની ઘટનાએ ઘણાં ચિંતનશીલ લોકોને દુઃખી કર્યાં છે. એક તરફ લોકો મજાક કરી રહ્યાં છે કે હાશ, રોડ શો,ચૂંટણી પ્રવચનો,ડી. જે. ના પ્રચાર ઘોંઘાટમાંથી છૂટ્યા. બીજી તરફ સુરતવાસીઓના પવિત્ર અને કિંમતી મતની કોઈ કિંમત જ રહી નહીં. તેમનો મતદાનનો હક છીનવાઈ ગયો. નિયમોની નાગચૂડમાં લોકશાહી લાચાર થઇ ગઈ. જીતેલા ઉમેદવાર પક્ષપલટો કરે ત્યારે પ્રજા લાચર બનીને જોયા કરે છે. હવે એનાથી પણ આગળ ઉમેદવારી જ રદ થઇ જાય ત્યારે પ્રજા લાચાર બનવા લાગી. આવનારા સમયમાં લોક પ્રતિનિધિત્વ ધારાની વિવિધ કલમો વિષે વિચારવું પડશે. ખાસ તો પેટા નિયમો એટલા મહાન ના હોય કે એ લોકશાહીના આત્મા સમાન ચૂંટણી જ રદ કરી નાખે! ખેર, ચૂંટણી પરિણામો આમ તો જૂનમાં આવવાના છે, પણ સુરતનું પરિણામ જાહેર થઇ ગયું છે. ભાજપને હવે ૩૯૯ જ ખૂટે છે. શું આવનારાં પરિણામો આ સપનું પૂરું કરશે?

ભારતની લોકશાહીના ઈતિહાસમાં ૨૦૧૪ માં પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટી ૨૮૨ સીટ સાથે સ્પષ્ટ બહુમતીથી લોકસભા જીતી હતી અને કદાચ મોદી સિવાય આ વાતનો વિશ્વાસ ભાજપમાં પણ કોઈને નહીં હોય એટલે જ નરેન્દ્ર ભીની મહેત્બાની જેવો શબ્દપ્રયોગ અડવાણીજી જેવા વરિષ્ઠ ભાજપી નેતાએ જાહેરમાં કરવો પડ્યો .પણ ૨૦૧૮ ના મે માસમાં લોકસભાનું ચિત્ર બદલીએ ચૂક્યું હતું. લોકસભામાં સંપૂર્ણ બહુમતવાળી ભાજપા ૨૮૨ ને બદલે પેટા ચૂંટણીઓ હારીને ૨૭૧ પર આવી ગઈ હતી પણ ૨૦૧૯ માં જોરદાર બહુમત સાથે પાછી ફરેલી ભાજપા આ વખતે રેકોર્ડ બ્રેક કરવા માંગે છે.જો આપણે કોઈ રાજકીય પૂર્વગ્રહ વગર વિચારીએ તો અત્યારે આપણને ૨૦૨૪ ની લોકસભા માટે ચિત્ર કેવું લાગે છે? ૨૦૧૪ અને 19 માં ગુજરાતે લોકસભાની ૨૬ માંથી ૨૬ બેઠકો ભાજપને જીતાડી આપી હતી. આ વખતે ભાજપ ૨૩ અને કોંગ્રેસ 03 લઈ જાય તો ભાજપને 03 નું નુકસાન થાય. ૨૦૧૪ માં ગુજરાતના પનોતા પુત્રને વડા પ્રધાન બનાવવાના ઉત્સાહમાં હવે ઓટ આવી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વ્યાપક અસંતોષ ફેલાઈ રહ્યો છે. કોંગ્રેસ પણ આ અસંતોષને માફકસર જાળવી શકી છે. હવે ગુજરાતની બાજુમાં રાજસ્થાનમાં પણ ગઈ વખતે ૨૫ માંથી ૨૫ સીટ આવી હતી જેમાં 05 નો લોસ થવાની (કે વધુનો) શક્યતા છે. મધ્યપ્રદેશ અને શિવસેનાના પ્રભુત્વવાળા મહારાષ્ટ્રમાં સીટ ઘટવાની સંભાવના વધી ગઈ છે કારણ કે મહારાષ્ટ્રમાં જે બન્યું તે સામાન્ય પ્રજાને ગમ્યું નથી.

લોકસભાની બેઠકોમાં ભાજપનો મોટો લાભ ઉત્તરપ્રદેશ કે બિહારમાં પર છે જ્યાં અસર પડવાની સંભાવના છે. આખા દેશની રાજનીતિ અખિલેશ અને માયાવતીના જોડાણ કે સંઘર્ષ પર છે. ભાજપ પણ જે ભૂલ કરશે તે અહીં જ કરશે યોગીજીના આવ્યા પછી શરૂઆતમાં તો બધે યોગી યોગી થવા લાગ્યું હતું પણ યોગી પોતાની ખાલી કરેલી વિધાનસભાની બેઠક પણ જીતાડી શક્યા નહિ અને વધારામાં એક લોકસભાની સીટ પણ હાર્યા હતા એવો ભૂતકાળ છે.નીતીશકુમારે લાલુની સાથે રહીને ભાજપને હરાવ્યું હતું અને સમય મુજબ લાલુને છોડીને ભાજપને સાથ આપ્યો છે. લાગે છે આ વખતે ભાજપ અને લાલુ કરતાં વધુ નુકસાન નીતીશકુમારને થવાનું છે. વિપક્ષો ભેગા થાય છે તે વાતને ઘણાં હસવામાં લઈ રહ્યાં છે. તેના જોક બનાવી રહ્યા છે, પણ રાજનીતિના જાણકારોએ જોવું જોઈએ કે આ બધા જ પક્ષો રાજ્યવાર જુદા છે. એમણે લોકસભાની ચૂંટણી રાજ્યવાર જુદી જ લડવાની છે. મમતા બેનર્જીને અખિલેશ સાથે બંગાળમાં કોઈ સંધાન નથી કરવાનું અને ચંદ્રબાબુને બંગાળમાં કાંઈ જતું નથી કરવાનું.ભાજપ પણ જો માત્ર રાહુલ ગાંધીને ટાર્ગેટ કરીને લડશે તો થાપ ખાશે કારણ કોંગ્રેસને જે નુકસાન થવાનું હતું અને ૨૦૧૪ અને 19 માં થઈ જ ગયું છે. હવે તો લાભ જ થવાનો છે. અત્યારે જ એ ૪૪ થી વધીને ૪૮ પહોંચી ગઈ છે અને ૧૦૦ પાર પણ કરી દે. હાલના સંજોગો ભાજપને ૪૦૦ પાર કરાવે તેવા નથી. ઉલટાનું ૨૭૫ કે ૨૮૦ એ રાખી શકે એટલા વિરુધ્ધમાં તો છે જ અને તો ભાજપને સત્તામાં આવવા માટે ટેકાની જરૂર ઊભી થાય અને ભાજપનો ગત વર્ષોનો ઈતિહાસ બતાવે છે કે તેને સાથી પક્ષોનો સાથ સહેલાઈ નહીં મળે.

ગત વર્ષોમાં ભાજપના વિજયરથને જે સફળતા મળે તે ધ્યાનથી જોઈએ તો સમજાય છે કે જ્યાં ભાજપને સીધો મુકાબલો કોંગ્રેસથી હતો ત્યાં તે સરળતાથી સ્પષ્ટ બહુમતી મેળવી શક્યું, પણ જે રાજ્યોમાં સ્થાનિક પક્ષ અને નેતાગીરી રહી ત્યાં મુશ્કેલી પડી. દિલ્લીમાં કેજરીવાલ, બંગાળમાં મમતા, દક્ષિણમાં સ્ટાલિન કે બીજા નેતાઓ સામે ભાજપનો પનો ટૂંકો પડ્યો. ઉત્તર ભારતમાં માયાવતી અને અખિલેશના ઝઘડામાં યોગીજી જીત્યા પણ ચૂંટણી પંચના આંકડાઓ આવ્યા પછી તેમની આંખો ખૂલી હોય તેમ લાગે છે. સપા ને દોઢ લાખ મત, બસપાને દોઢ લાખ સામે ભાજપને એક લાખ સાઠ હજાર મત મળ્યા ત્યારે સમજાયું કે વાંક ઈવીએમ નો નથી. વાંક મત વહેંચાઈ જવાનો છે. આ વાત માનીએ એટલી હળવી નથી. ભાજપ આ વાત બરાબર જાણે છે અને માટે જ માયાવતી તથા અખિલેશ જો ભેગાં થઈ જાય તો ભાજપની બેઠકો ઘટી જાય.

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની ઉત્તર પટ્ટામાં બહુ અસર નથી થવાની, પણ દક્ષિણમાં તે ચોકકસ અસર દેખાડશે. જો અને તો ના ગણિતમાં આગળ ચાલીએ તો જો કોંગ્રેસ ૧૦૦ ને પાર કરશે તો સત્તાનાં સમીકરણો તેની તરફેણમાં થઈ શકે અને સૌથી મજબૂત શંકા તે બિનકોંગ્રેસી નેતા ઉપસિઅવ્વાનિ છે. જો ચૂંટણી પહેલાં જ આ દલિત નેતાનું નામ સ્પષ્ટ રીતે વડા પ્રધાનપદ માટે આવે તો દલિત અને ઓબીસી મતોનું મોટું ધ્રુવીકરણ થયા વગર રહે નહિ અને તો ભાજપના સ્પષ્ટ બહુમતનાં સ્વપ્નાં તૂટી પડે. આમ અત્યારે આવનારી લોકસભાની ચૂંટણીનું ગણિત ગણવા બેસીએ તો ૨૦૧૪ અને ૧૯મા માં જે દશ્ય હતું તે અત્યારે દેખાતું નથી. ક્યારેક વધુ પડતી અપેક્ષાઓ સર્જવાનું પણ મોઘું પડે છે અને વિરોધમાં બોલી શકાય એવું જોરથી તરફેણમાં બોલી શકાતું નથી. અન્યની ટીકા કરવી સહેલી છે અને પોતાના કામનો હિસાબ આપવો અઘરો છે. આજનો યુવા વર્ગ ઝડપથી અપેક્ષાઓ બદલી નાખે છે. સોશ્યલ મિડિયા હવે બધા ઉપયોગમાં લઈ રહ્યા છે. હકીકતોને છુપાવી શકાતી નથી અને છેલ્લે ગુજરાતનું રાજકારણ ખાસું નિરાશાજનક બની ગયું છે. આ સંજોગોમાં મતદાનની ટકાવારી,ગરમીનો પારો અને અન્ય પરિબળો પણ મતદાન અને સરવાળે પરિણામો પર અસર પાડશે તેમાં બે મત નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

"મોબાઈલ અદાલત"

એક સામાન્ય માઁ-બાપ માટે સૌથી દુઃખદ કોઈ દુર્ઘટના હોઈ તો પોતાની નાદાન માસૂમ બાળકી પર બળાત્કાર, અને એના કરતાં પણ હૃદયસ્પર્શી,જો કોઈ ઘટના હોઈ તો તેની કાનૂની કાર્યવાહી...! જ્યારે કોઈ માસૂમ તરૂણી પર બળાત્કાર થાય છે,એ પછી પોલીસ સ્ટેશન,અદાલત અને સમાજ નો સામનો કરવો એ બાળકી અને તેના સ્વજનો પર ફરી બળાત્કાર થયા બરાબર છે...! પરંતુ દર દશ લાખની વસ્તી એ એક એવી "મોબાઈલ અદાલત" વાન બનાવવા માં આવે જે દર તારીખે પીડિતા ના ઘરે (માત્ર ૧૨ વર્ષની નીચેની તરૂણી) આવી ને કાનૂની કાર્યવાહી કરે,જરૂર હોય તો અપરાધી ને જેલ માંથી પોલીસ વાન માં લાવીને રજૂ કરવામાં આવે, જરૂરી રિપોર્ટ માટે સાધનો થી સુસજ્જ એમ્બ્યુલન્સ રાખવામાં આવે તો પડી ભાંગેલા માતા-પિતા માટે એક દાજયા પર મલમ જેવી પરિસ્થિતિ થાય,પૈસાનું પાણી ન થાય, સમય નો વ્યેય ન થાય, માનસિક પરિસ્થિતિ ન બગડે,લાંચ-રૂશ્વત થી લગભગ આપવા ન પડે,પીડિતા ને મોઢું ઢાંકવું ન પડે અને સૌથી જરૂરી વાત પરિણામ જલ્દી મળે,કોઈ પણ મા-બાપ ને અપરાધી વિરુદ્ધ ફરિયાદ કરવાની હિંમત મળે, રાજ્યોની અદાલતો નું આંશિક ભારણ ઘટે..!જો ખાખી અને ખાદી ની નિયત સારી હોય તો બધું શક્ય છે,પણ પરંતુ જે દેશ માં માનવતા, ઈન્સાનિયત અને ઈમાનદારી માત્ર ચોપડા માં અને ભાષણો માં જ દેખાઈ છે એવા દેશમાં આવી સુવિધા સો ટકા અશક્ય છે....!

સુરત - કિરણ સૂર્યાવાલા

મતદાન કરવા માટેના પ્રચારમાં અતિરેક થઈ રહ્યો છે

2024ની સંસદીય ચૂંટણીઓમાં મતદાન કરવા માટે મતદાતાને રીઝવવા માટે બધાં જ માધ્યમો દ્વારા અતિરેક થઇ રહ્યો છે. આ ચૂંટણી જાણે પહેલી ચૂંટણી હોય અને મતદાતા ચૂંટણીના મતદાન માટેની પ્રક્રિયાથી સાવ અજાણ હોય એ રીતે રેડિયો, ન્યૂઝ પેપરો અને ટી.વી. જેવાં માધ્યમો દ્વારા પુષ્કળ પ્રમાણમાં સૂચનાઓ એવમ વિનંતીઓ કરવામાં આવી રહી છે. કોઇ પણ ચૂંટણીમાં મતદાન કરવું એ આપણા દરેક મતદાતાની ફરજ છે. ભૂલ્યા વગર સાત કામ પડતાં મૂકીને પણ મતદાનના દિવસે, મતદાન મથકે જઈને પોતાનો કિંમતી મત આપવો જ જોઈએ. પણ આ વખતની ચૂંટણી માટે તો 'બસ મતદાન કરો જ' એવા પ્રચારથી મતદાતાઓ પણ કંટાળી ગયા છે. ભૂતકાળની ચૂંટણીઓ વખતે ક્યારેય ના જોયો હોય એવો મતદાન કરવા બાબતે માહોલ ઊભો કરવામાં આવ્યો છે. જો કે મતદાન કરવા બાબતનો માહોલ તટસ્થતાપૂર્વકનો છે, એની ના નહિ પણ જે રીતે એનો એકધારો પ્રચાર થઇ રહ્યો છે એ જરા કઠે છે. જાણે કે દરેક મતદાતા અંગૂઠા છાપ હોય એ રીતે મતદાન કરવા માટે મતદાતાઓને સમજાવવામાં આવી રહ્યા છે. જે નવા યુવક-યુવતીઓ મતદાન માટે પ્રવેશ કરી રહ્યા છે એ તો મોટે ભાગે શિક્ષિત જ છે. એટલે પણ મતદાન કરવા બાબતે થતો અતિરેક સહ્ય તો નથી જ.

સુરત - બાબુભાઈ નાઈ

અપેક્ષાઓ

દરેક વ્યક્તિને પોતાની ઈચ્છાઓ, આકાંક્ષા, જરૂરિયાત, અગત્ય, ધારણાઓ એટલે કે અપેક્ષાઓ હોય. અપેક્ષાઓની ઉપેક્ષા અઘરી બાબત ગણાય. અંતે માનવ હારી થાકીને બેસી પણ જાય. હવે ધો.10, 12ની પરીક્ષાઓનાં પરિણામ આવશે. દરેક મા-બાપ ઈચ્છે કે પોતાના બાળકનું પરિણામ સર્વોત્તમ જ આવે. ધારણા મુજબના ગુણ ટકાવારી ન આવે તો વાલી નિરાશા અનુભવે અને બાળકને પણ નિરાશાજનક વ